dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
B++ NAAC Accredited University
January 2009 For private circulation only Vol. 01 - Issue 01

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત,
દવજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત,
તું ભણવ નિજ સંપતિ સહુને પ્રેમભકિતની રીત-
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !

- સમયમૂર્તિ કવિ નર્મદ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું ન્યુઝ લેટર-વૃત્તપત્ર-એ અરીસાની ભૂમિકા ભજવે છે. અરીસો વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરે છે. સંસ્થાનું વૃત્તપત્ર નિયમિત રીતે પ્રગટ થાય તથા તેની જાળવણી થાય તો સહજ રીતે સંસ્થાનું ઐતિહાસિક દફતર આપોઆપ તૈયાર થતું જાય. સંસ્થાના તમામ હિતધારી પક્ષકારોની ભૂમિકા જેમાં સિન્ડિકેટ, સેનેટના સભ્યોથી માંડી મહામહિમ કુલાધિપતિશ્રી, કુલપતિશ્રી, કુલસચિવશ્રી, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષોથી શરૂ કરી મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ, સંચાલક મંડળોના પદાધિકારીઓ, અધ્યાપકો, અધિકારીઓ, નાનાથી મોટા તમામ કર્મચારીઓના કાર્યોની નીપજનું પ્રતિબિંબ 'દક્ષિણાયન' પ્રગટ કરે તેવી ભાવના સાથે પુનઃ શરૂ કરવાનો પ્રયાસ છે. આ માસના મકરસક્રાંતિ પર્વ સંદર્ભે પણ 'દક્ષિણાયન'નું પુનઃ સજીવન થવું તે પણ એક પાવન યોગાનુયોગ છે. આમાં સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શકિતઓ બહાર આણવાનો પ્રયત્ન કેન્દ્રસ્થાને બિરાજે છે.

યુનિવર્સિટીઓનાં ત્રણ પ્રધાન કર્તવ્યો છે. પહેલું કર્તવ્ય જ્ઞાન આપવાનું અને તે દ્વારા બુધ્ધિનો વિકાસ થાય તે જોવાનું છે. વિદ્યાર્થી ઉત્કૃષ્ટ, ગુણવત્તાયુકત જીવન જીવી શકે તેવી ભૂમિકા આ કર્તવ્યથી બંધાય તે અપેક્ષિત છે. બીજું કર્તવ્ય, જીવનના મૂલ્યોની સમજણ કેળવવી અને તેને ચરિતાર્થ કરવા માટેની ભૂમિકા સ્પષ્ટ કરી વિદ્યાર્થીના હૃદયની વિશાળતા ખીલવી વૈશ્વિક દષ્ટિયુકત વ્યવહાર-નીતિ શીખવવાનું છે અને, ત્રીજું કર્તવ્ય, સમૂહજીવન, સમૂહશકિત અને સમૂહભાવનાથી વિદ્યાર્થી વિશાળ માનવજીવનના એક અંગરૂપ બની પૂર્વગ્રહરહિત સાંસ્કૃતિક ઓળખ ઊભી કરવા આજીવન અભ્યાસુ બની જાય તેવા ગુણોનો વિકાસ થાય તે માટે તેને તૈયાર કરવાનો છે. આપણાં વિદ્યાધામો આ ત્રણ પ્રધાન કર્તવ્યો ભજવનારાં પ્રવૃત્તિઓથી ધબકતાં આશ્રમો બનવા જોઈએ. આ ત્રણ પ્રધાન કર્તવ્યો દ્વારા વિદ્યાર્થીના મન, બુધ્ધિ અને હૃદયને કેળવી માહિતીનું જ્ઞાનમાં અને તે થકી વિદ્યાનું પ્રગટીકરણ થાય તે અપેક્ષિત છે. ચારિત્ર્યપૂર્ણ નેતાગીરીના વિકાસ માટે ઉદ્દીપકની ભૂમિકા આ ત્રણે કર્તવ્યોમાં કેન્દ્રસ્થાને છે. ઉપરોકત ત્રણ પ્રધાન કર્તવ્યોની ભૂમિકા યુનિવર્સિટી સાથે સંકળાયેલા તમામ હિતધારી પક્ષકારોમાં સ્પષ્ટ બને તે જરૂરી છે. આમાં સકારાત્મક ચિંતન, હકારાત્મક વર્તણૂક અને હકારાત્મક કાર્યપદ્ધતિ થકી વિજયી માનસિકતા ઉજાગર થાય તો ગુજરાતની 'અસ્મિતા' અને 'સ્વર્ણિમ ગુજરાત' સદાકાળ બની રહે.

'અસ્મિતા' શબ્દ ભરૂચમાં જન્મેલા શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી ''યોગસૂત્ર''માંથી ખેંચી લાવ્યા. શ્રી મુનશી લખે છે, ''ગુજરાત વિસ્તરે છે જયાં, ગુજરાતીઓ પોતાની ઈચ્છાશકિતથી અને સંકલ્પબળથી એને સર્જે છે ત્યાં. ગુજરાત પ્રાંત નથી, માત્ર જનસમુદાય નથી, માત્ર સાંસ્કારિક વ્યકિત નથી; એ તો પેઢીધર ગુજરાતીઓએ સંકલ્પપૂર્વક સેવેલી, પેઢીએ પેઢીએ નવી સિધ્ધિ પામતી, સામુદાયિક ઈચ્છાશકિતએ સબળ બનેલી જીવન ભાવના છે. એ ભાવનાનું તીવ્ર ભાન તે ગુજરાતની અસ્મિતા''. ગુજરાતની 'અસ્મિતા' પ્રકાંડ પંડિત કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સુરિની કલ્પનામાં પ્રગટી હતી જેમ બ્રહ્માના માનસમાંથી સરસ્વતી પ્રગટી હતી તેમ. આ 'અસ્મિતા' પુનઃ નર્મદાશંકર લાભશંકર દવેની કલમે ''જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત''ના રૂપે અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ઉતરી આવી. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નવું નામાભિધાન વીર નર્મદના નામ સાથ જોડાયું તેમાં પણ ગુજરાતની 'અસ્મિતા'ને ઉજાગર કરવાનો સ્તુત્ય પ્રયાસ થયો જેમાં હજી ઘણું કાર્ય કરવાનું બાકી છે. ૧૮૫૧માં ''મંડળી મળવાથી થતા લાભ'' નિબંધથી

શરૂ થયેલી નર્મદાશંકરની લેખનયાત્રા ૨૩મી નવેમ્બર ૧૮૫૮માં સ્કૂલની નોકરી છોડી સરસ્વતીને ખોળે શિર મૂકી કલમના સામું જોઈ આંખમાં તેને ઝળઝળીયાં સાથે અરજ કરી કે ''હવે હું તારે ખોળે છઊં.'' ત્રેપન વર્ષના આયુષ્યમાં વીર કવિ નર્મદે એકસોથી વધારે ગ્રંથોનું લેખન કાર્ય કર્યું અને ગુજરાત તથા ગુજરાતીને નવી ઊંચાઈ પર મૂકી. જીવનનું કોઈ ક્ષેત્ર નર્મદે લખાણ વિના બાકી નથી રાખ્યું. શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, ધર્મમંથન, સમાજસુધારા, રાષ્ટ્રભાવના-શૌર્ય ગીતો, યુદ્ધ અને પ્રીતિનાં કાવ્યો, પ્રકૃતિ નિરૂપણ, ભાષાશોધન, કોશ સંપાદન, આત્મકથા, સાકાર-સગુણ નિર્ગુણ વિચારણા, સ્વદેશ ભાવના, સાહિત્ય મીમાંસા, ૧૮૬૪માં ''ડાંડિયો'' પખવાડિક થકી પત્રકારત્વ, કાઠિયાવાડ ગેઝેટિયરનું ભાષાંતર, રંગદેવતા, ધર્મવિચાર એમ જીવનના તમામ ક્ષેત્રોને સાંકળી નર્મદ કલમના ખોળે શિર મૂકી જીવ્યા. અનેક સંકટો વચ્ચે ઝઝૂમી નર્મદે સાહિત્યની ઉપાસના અને સમાજસુધારણા પાછળ જીવન સમર્પિત કર્યું.

શ્રી મુનશી નર્મદને ''અર્વાચીનોમાં આદ્ય'' ગણાવે છે. કોઈએ તેને ''સમયમૂર્તિ'' કહ્યો, કોઈએ ''નવા મન્વંતરોનો મનુ'' તો કોઈએ સંક્રાંતિ કાળે ''નવસૃષ્ટિનો તારણહાર મહાવરાહ''ના સ્વરૂપે નવાજયો છે. વિશ્વનાથ ભટ્ટ નર્મદને ગુજરાતની ''અસ્મિતાનો આદ્ય પ્રવર્તક'' ગણે છે. સ્વદેશાભિમાનની ખુમારી ધરાવતો વીર નર્મદ, ''જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત'' દ્વારા ગુજરાત ભકિતનું ઉત્તમ ગાન પ્રસ્તુત કરે છે. આવા વીર કવિના નામ સાથે યુનિવર્સિટીનું નામાભિધાન સૌને માટે ગુજરાતની 'અસ્મિતા' ઉજાગર કરવામાં રોલ મોડેલ રૂપી પ્રેરણાસ્ત્રોત પૂરું પાડે છે.

ધી સાઉથ ગુજરાત યુનિવર્સિટી એકટ-૧૯૬૫થી બનેલ યુનિવર્સિટી વર્ષ ૧૯૬૭થી કાર્યાન્વિત બની. આપણો 'પ્રાણવંતો પૂર્વજ', 'યુગંધર', 'યુગપ્રવર્તક' અને 'યુગદ્રષ્ટા' નર્મદનું નામ સાઉથ ગુજરાત યુનિવર્સિટી સાથે વર્ષ ૨૦૦૪માં જોડાયું ત્યારે આપણને નવી ઓળખ મળી છે. સુરત મહાનગર પાલિકાના ઉધના-મગદલ્લા રોડ સ્થિત ૨૧૦ એકર જમીન પર વિસ્તરેલા કેમ્પસ પર ૧૭ અનુસ્નાતક ભવનોમાં શિક્ષણકાર્ય થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ સુરત, તાપી, વલસાડ, નવસારી, નર્મદા, ડાંગ તથા ભરૂચની ૭૮ અનુદાનિત તથા ૧૦૩ સ્વવિત્ત ધોરણે ચાલતી કોલેજોમાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓનું આ યુનિવર્સિટી દ્વારા ઉચ્ચશિક્ષણનું કાર્ય થઈ રહ્યું છે.

ઉચ્ચશિક્ષણના અનેક વિરોધાભાસો-જ્ઞાન ઉપાર્જન વિરુધ્ધ જ્ઞાનોપયોગિતા, સર્વોત્કૃષ્ટતા વિરુધ્ધ ન્યાયયુકતતા, વિકાસલક્ષિતા વિરુધ્ધ નીતિયુકતતા, વૈધાનિક જડતાયુકતતા વિરુધ્ધ પરિવર્તનશીલતા, ઉદાર મહાજન પ્રથા વિરુધ્ધ ધંધાકીય વ્યવસાય વચ્ચે યુનિવર્સિટી અનેક પડકારો ઝીલી શિક્ષણનું કાર્ય આગળ ધપાવી રહી છે. જરૂર છે સૌ હિતધારી પક્ષકારોનો પોતાના અંગત હિતોથી ઉપર ઊઠી શિક્ષણ અને વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી સહિયારા પ્રયત્નો થકી ભાવિ પથ નિર્ધારણ કરી મકકમ રીતે આગળ વધવાનો. આવો, આપણે સૌ સહપંથીઓ ગુજરાતની 'અસ્મિતા'ને ઉજાગર કરવા તથા 'સ્વર્ણિમ ગુજરાત' ની કલ્પનાને સાકાર કરવા 'सत्यम्, ज्ञानम्, अनंतम्'ના પંથે આગળ વધીએ.

વીર નર્મદના નીચેના વિચારો સાથે મારી વાત પૂરી કરીશ. ''આપણું જ્ઞાન, આપણો સ્વભાવ, આપણી રીતભાત, કેળવણીથી જ પોતાના ખરા તેજસ્વી સ્વરૂપમાં પ્રકાશે છે. કેળવણી એ માણસનું મોટું બળ છે, કે જેથી સિંહ, ગજ સરખાં પશુ પણ વશ થાય છે, ને અનેક નવી સમૃધ્ધિ ઉત્પન્ન થાય છે. કેળવણી એ મોટો પ્રકાશ છે જેની ઘણી ઘણી વાતો આપણને ફાયદો કરનારી જે અજ્ઞાન-અંધારામાં હોય છે તે જોવામાં ને પછી ઉપયોગમાં આવે છે. કેળવણીથી જ આપણે પરસ્પરના ધર્મ સમજીએ છીએ, ઈશ્વરને ઓળખી શકીએ છીએ, અને તેમ અનંતશકિત, અપાર ડહાપણ, ને અનંત પથ વિશે વિચાર કરતાં ગુમ થઈ જઈ આપણે આપણો ગર્વ મૂકીએ છીએ ને તેના ભકત થઈ રહીએ છીએ.''

અંતમાં, આવો, ૨૦૦૯ના નૂતન વર્ષે આપણે સૌ નર્મદના સ્વપ્નને સાકાર કરવા કટીબધ્ધ બનીએઃ

''એ અણહિલવાડના રંગ,
તે સિધ્ધરાજ જયસિંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત,
શુભ શુકન દીસે મધ્યાન્હ શોભશે, વીતી ગઈ છે રાત-
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.''

"The glory that was Anahilvada and the greatness that Siddharaja Jayasinha achieved will return soon, Mother, in still more glorious hue. I see the omens; the night is gone; mid-day is nigh: men rush forward with Narmada. Hail Hail glorious Gujarata!" - Translated by K.M. Munshi

૫ જાન્યુઆરી, ૨૦૦૯

પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી

## એન.એસ.એસ. વિભાગ

તા. ૨૩, ૨૪ સપ્ટેમ્બર-૨૦૦૮ દરમ્યાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના યજમાનપદે ઉંઝા મુકામે ગુજરાત રાજય એન.એસ.એસ.ડે ની ઉજવણી સંપન્ન થઈ. આ કાર્યક્રમમાં ૬ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં રાજયની તમામ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની ટીમે (૧) વકતૃત્વ સ્પર્ધામાં કુ. શાહ કરૂણા, પ્રથમ સ્થાને (૨) સમુહગીતમાં જંબુસર કોલેજની ટીમ પ્રથમ ક્રમે, (૩) કવીઝ સ્પર્ધામાં શ્રી નિકુંજ ગેવરીયા અને કુ. પટેલ પાયલ તૃતીય સ્થાને તથા (૪) નિબંધ, દેશભકિત ગીત અને એકપાત્રીય અભિનયમાં ચોથા ક્રમે રહી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ. ટીમ મેનેજર તરીકે પ્રા. બી.બી. ભંડારી, ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરતે સેવા બજાવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશ્નર શ્રી જયંતિ રવિના હસ્તે રાજયના બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ યુનિવર્સિટી સંલગ્ન જંબુસર કોલેજના પ્રા. મયંકભાઈ કે. શાહને અર્પણ કરવામાં આવ્યો, તેમજ બેસ્ટ સ્વંયસેવકનો એવોર્ડ કુ. પૂજા દેસાઈ અને શ્રી હિતેશભાઈ (વલસાડ)ને એનાયત કરવામાં આવ્યો.

## ભાવિ કાર્યક્રમ

ગુજરાત સાયન્સ કોંગ્રેસનું ૨૩મું અધિવેશન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત સાયન્સ એકેડેમી, અમદાવાદના સંયુકત ઉપક્રમે 'Frontiers of Science and Technology: Vision Gujarat-2020' વિષય ઉપર યુનિવર્સિટી ખાતે તા. ૧૫-૦૨-૨૦૦૯ ના રોજ આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ છે.

આ એક દિવસીય બેઠકમાં ડો. અજય દિવેટીયા અને શ્રી એસ.આર. ઠાકોરના મેમોરિયલ વ્યાખ્યાન યોજાશે. તદ્પરાંત વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વિવિધ વિસ્તારો ઉપર શોધપત્રો પ્રસ્તુત કરવામાં આવશે. સાયન્સ કોંગ્રેસમાં ભાગ લેવા તેમજ સંશોધનપત્ર પ્રસ્તુત કરવા વિશેષ માહિતી માટે સંપર્ક સૂત્ર :

Prof. K. C. PORIA
Organizing Secretary,
Professor & Head, Department of Physics
Veer Narmad South Gujarat University, Surat-395007
Phone: (0261) (O) 2227141-46, (M) +91 99250 31589
E-mail: kcporia25@yahoo.co.in

## વ્યાખ્યાન

મહાન દેશભકત દાદાભાઈ નવરોજી સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિએ તા. ૨૭/૧૨/૨૦૦૮ના રોજ શેઠ ધનજી શાહ ફકીરજી જોખી સાંસ્કૃતિક હોલ, નવસારી ખાતે 'ઉચ્ચ શિક્ષણ-વર્તમાન પ્રવાહો' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું.

આ પ્રસંગે નવસારી નગર પાલિકાના પ્રમુખશ્રી પ્રેમચંદ લાલવાણી, શ્રી મહેન્દ્રભાઈ શાહ અને અતિથિ વિશેષ તરીકે એડવોકેટ શ્રી આસીફ ઉસ્માની, દારા જોખી, કેરસી દેબુ અને પ્રા. જશુભાઈ મ. નાયક ઉપસ્થિત રહ્યા હતા.

## Ph.D.

**A List of doctrol theses accepted by Veer Narmad South Gujarat University, Surat during July-Oct. 2008.**

### Bioscience

1. Adhvaryu, Meghna Rajendra. A comparative study of cellular protective and immunomodulatory potential of some medicinal herbs and their formulations. (Dr. M.N. Reddy), Reader, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat.

### Chemistry

2. Mahajan, Dharmeshkumar Haribhai. Design, synthesis and evaluation of novel heterocycles as nnrtis. (Dr. K.H. Chikhalia), Professor, School of Science, Department of Chemistry, Gujarat University, Ahmedabad.

3. Tandel, Jitendrabhai Haribhai, Studies on synthesis of quinoline based monoazo dyes and their application on various fabrics. (Dr. A.G. Mehta), Department of Chemistry, Sir P.T. Sarvajanik College of Science, Surat.

4. Patel, Harilkumar Nareshchandra. Studies of heterocyclic compounds of medicinal interest. (Dr. Anjani N. Solankee), Department of Chemistry, B..M. Science College, Valsad.

5. Shah Pathik, Mahendrakumar. Synthesis, characterization and analytical applications of new chelating ion exchange resins derived from o-substituted benzoic acid. (Dr. (Mrs.) Bhavna A. Shah), Department of Chemistry, Veer Narmad South Gujarat Unversity, Surat.

6. Sema, Sajid Nizamuddin. Study on the synthesis and chemical properties of 2(1H)- quinazolinoes and 4(3H)-quinazolinones. (Dr. Anilkumar C. Desai), Chemistry Department, P.T. Sarvajanik College of Science, Surat.

### Economics

7. Bulsari, Smruti Bakul. Telecommunications and economic development. (Dr. Kiran Pandya), Professor & Head, Department of RMISSS, Veer Narmad South Gujarat Unversity, Surat.

8. Master, Navneetkumar Sukarbhai. માછીમારો, મત્સ્ય સહકારી મંડળીઓ અને મત્સ્યોદ્યોગનો વિકાસ: દક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારી જિલ્લાના માછીમારોનો એક અભ્યાસ. (Rt. Dr. B.V. Acharya), Economics Department, Veer Narmad South Gujarat University, Surat.

9. Rajesh, Mourya. स्वयं सहायता समूह द्वारा महिलाओं का आर्थिक सशक्तिकरण (ग्वालियर जिले के घाटीगांव एवं डबरा विकासखंड के विशेष संदर्भ में). (Prof. Dr. D.C. Sah), Director & Professor, Madhya Pradesh, Institute of Social Science Research, Ujjain-456 010.

### Education

10. Saradva, Lalitkumar Jivrajbhai. માધ્યમિક શાળાના શિક્ષકોની સમસ્યાઓ, મૂલ્યો અને સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ. (Dr. Dilipbhai U. Patel), Principal, N.H. Patel College of Education, Anand.

11. Patel, Rakeshbhai Nanubhai. શિક્ષણમાં સ્નાતકના પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રોજેકટ પદ્ધતિ અંગેના પ્રશિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ. (Dr. Dipika B. Shah), Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

12. Shah, Arvindkumar Champaklal. ચારુતર વિદ્યામંડળ સંચાલિત શૈક્ષણિક સંકુલ ન્યૂ વલ્લભ વિદ્યાનગર એક વ્યકિત અભ્યાસ. (Dr. G.S. Parmar), Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

**Hindi**

13. Vanitaben, Maganlal Patel. धनपतराय कायस्थ (प्रेमचंदजी) के उपन्यास कहानी में नारी जीवन के दु:ख का चित्रण. (Dr. Uttambhai L. Patel), Shri Vanraj Arts & Commerce College, Dharampur, Dist. Valsad.

**Library and Information Science**

14. Bhatt, Atul Ashokbhai. Automation and model networking of medical college libraries of Gujarat : A study. (Dr. Kirit M. Vyas), Ex. Coordinator and Asst. Librarian, Library & Inf. Science P.G. Center, Bhavnagar University, Bhavnagar.

**Management**

15. Y.L.N. Kumar. Relationship between personal, organizational variables and organizational citizenship behavior. A study in banking sector. (Dr. Satendtra Kumar), Ex. Professor, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

16. Parekh, Kiranmayi Sureshchandra. A Study of stocking pattern of chemists & druggists in South Gujarat area. (Dr. Manish Sidhpuria), Reader, Department of Business Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

17. Tikawala, Hemadriben Ishvarlal. Dimensions of liquidity management-A comparative study of the urban co-operative bank in Surat city. (Dr. Manisha M. Panwala), Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

18. Vaidya, Ravi Devendra. Marketing mix strategies for the Indian consumer market by multi national corporations with special reference to the period 1997-2002. (Dr. S.S. Srivastava), Retd. Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

19. Kapadia, Jimmy Maneek. Financial analysis of GSFC and GIIC : A comparative study during the years 1997 to 2001. (Dr. S.S. Srivastava), Retd. Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

**Sanskrit**

20. Chaudhari, Hemangini Raysinghbhai. સંસ્કૃતના પ્રમુખ નાટકકારોનાં નાટકોમાં તત્વદર્શન: એક અધ્યયન. (Rt. Dr. Vasant C. Patel), Sanskrit Department M.T.B. Arts College, Surat.

**Statistics**

21. Patel, Pravinchandra Manilal. Study on duality for multiobjective programming problems. (Dr. R.D. Patel), Professor, Department of Statistics, School of Sciences, Gujarat University, Ahmedabad.

## અનુસ્નાતક

### IBM Center of Excellence




ગુજરાતના સૌપ્રથમ IBM Center of Excellence તરીકે યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગને આપવામાં આવતા આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષશ્રી ચેતન શાહના અતિથિ વિશેષ પદે તા. ૨૨/૧૨/૨૦૦૮ના રોજ કુલસચિવશ્રી જે.આર. મહેતા, કમ્પ્યૂટર સાયન્સ વિભાગના પ્રો. એન્ડ હેડ ડો. અપૂર્વ દેસાઈ, IBM ઈન્ડિયાના Country Manager, IBM Academic Initiative શ્રી મનોજીત મજુમદાર, મેનેજરશ્રી દેવકાન્ત અગ્રવાલ, શ્રી વિકાસ માનોરીયા, સિન્ડિકેટ અને સેનેટ સભ્યો, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી તથા વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કમ્પ્યૂટર સેન્ટરના સેમિનાર હોલમાં ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિએ કમ્પ્યૂટર સાયન્સ વિભાગે મેળવેલ પ્રતિષ્ઠા માટે આનંદની લાગણી અનુભવીને ડો. અપૂર્વ દેસાઈ અને તેમની ટીમને અભિનંદન પાઠવતાં આ કામગીરી ભવિષ્યમાં પણ કાર્યાન્વિત બની રહે તેવી અપેક્ષા વ્યકત કરી.

શ્રી મનોજીત મજુમદારે IBM Center of Excellence વિષે માહિતી આપતા જણાવ્યું કે, આ સેન્ટરથી કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટ અને ઈન્ડસ્ટ્રી વચ્ચેનો સંબંધ વધુ ગાઢ બનશે અને IBM તરફથી વિવિધ પ્રકારની સુવિધાઓનો લાભ યુનિવર્સિટીને પ્રાપ્ત થશે.


શ્રી ચેતન શાહે જણાવ્યું કે, કમ્પ્યૂટર સાયન્સ વિભાગે આ પ્રતિષ્ઠા મેળવતા યુનિવર્સિટી અને ઈન્ડસ્ટ્રી વચ્ચે સંપર્ક સેતું જળવાશે.

કમ્પ્યૂટર સાયન્સ વિભાગના વડા ડો. અપૂર્વ દેસાઈએ જણાવ્યું કે, આ સેન્ટરથી વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આ ક્ષેત્ર સાથે સંલગ્ન સૌ કોઈ માટે લર્નીંગ સેન્ટર અને રિસર્ચના નવા આયામો પ્રાપ્ત થશે.

કાર્યક્રમનું સંચાલન ડો. રવિ ગુલાંટીએ કર્યું જયારે આભાર વિધિ શ્રી પ્રકાશ રાણાએ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં આ પ્રકારનું છઠ્ઠું અને ગુજરાતનું પ્રથમ કેન્દ્ર છે.

## પુસ્તક વિમોચન




કમ્પ્યૂટર સાયન્સ વિભાગના પ્રો. એન્ડ હેડ ડો. અપૂર્વ દેસાઈ લિખિત પુસ્તક **'કમ્પ્યૂટર ગ્રાફિકસ'** [Publisher: PHI, New Delhi] નું આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિના વરદ્ હસ્તે ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સના સેમિનાર હોલમાં તા. ૨૨/૧૨/૨૦૦૮ના રોજ વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે Country Manager, IBM Academic Initiative શ્રી મનોજીત મજુમદાર, શ્રી દેવકાંત અગ્રવાલ, શ્રી વિકાસ મનોરીયા, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિદેશ પ્રવાસ

૧. અર્થશાસ્ત્ર વિભાગના ડો. એમ.વી. દવેએ ૧૫-૧૭ મે, ૨૦૦૮ દરમ્યાન Kastopria Greec ખાતે યોજાયેલ Applied Economics ની ઈન્ટરનેશન કોન્ફરન્સમાં 'A study of Causality between money supply & price level in India' વિષય ઉપર સંશોધનપત્ર પ્રસ્તુત કર્યું.

૨. અંગ્રેજી વિભાગના ડો. ઈ.વી. રામક્રિષ્ણને તા. ૨૨-૨૫ ઓકટોબર, ૨૦૦૮ દરમ્યાન Istanbul, Turkey ખાતે યોજાયેલ 3rd Asian Translation traditions conferenceમાં 'Authorizing Subjectivities; Early Shakespeare translations into Malayalam in the 19th Century' વિષય ઉપર સંશોધનપત્ર પ્રસ્તુત કર્યું.

૩. શિક્ષણશાસ્ત્ર વિભાગના ડો. ઉમ્મેદ સિંગે તા. ૨૭-૨૯ નવેમ્બર, ૨૦૦૮ દરમ્યાન Seoul Korea ખાતે યોજાયેલ ઈન્ટરનેશન કોન્ફરન્સમાં "Identifying Quality Ethos for effective teaching in higher education" વિષય ઉપર સંશોધનપત્ર પ્રસ્તુત કર્યું.

૪. રસાયણશાસ્ત્ર વિભાગના ડો. પી. બહાદુરે તા. ૭-૯ ડિસેમ્બર, ૨૦૦૮ દરમ્યાન Tokyo, Japan ખાતે યોજાયેલ ઈન્ટરનેશન કોન્ફરન્સમાં "Micelliazation of very hydrophilic ethylene oxide propylene oxide copolymers induced by salts and ionic surfactant " વિષય ઉપર સંશોધનપત્ર પ્રસ્તુત કર્યું.

## નિવૃત્તિ સમારોહ

રસાયણ વિભાગમાંથી પોતાના નેતૃત્વ હેઠળ ૬૮ પીએચ.ડી તથા ૩૬ એમ.ફિલ ઉમેદવારોને ઉજ્જવળ કારકિર્દી રચી આપનાર વિભાગીય વડા પ્રા. ડો. કે.આર. દેસાઈનો દબદબાભેર નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત આદરણીય કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના પ્રમુખપદે ડો. કિશોરભાઈ દેસાઈનો સેવાનિવૃત્ત સન્માનનો કાર્યક્રમ જીવન ભારતી હોલમાં યોજાયો હતો. આદરણીય કુલપતિશ્રીએ જણાવ્યું કે નિયમાધીન ડો. કિશોરભાઈ વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. એમણે એમની બીજી હરોળ ડિપાર્ટમેન્ટ માટે તૈયારી કરી છે અને યુનિવર્સિટીને એમનો લાભ નિવૃત્તિમાં પણ મળતો રહેશે એવી અપેક્ષા છે. સન્માન સમિતિના પ્રમુખ દિનકરરાય નાયકે કિશોર દેસાઈ 'ડોકટર ઓફ સાયન્સ'ની પદવી મેળવનાર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રમુખ વ્યકિત છે. મુખ્ય મહેમાન ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું કે કિશોરભાઈ જેવી નિયતીવાળા શિક્ષકો મળવા મુશ્કેલ છે, ત્યારે એમની નિવૃત્તિમાં પણ સેવા લેવાય એવું સૂચન કર્યુ હતું.

ડો. કિશોરભાઈના વિદ્યાર્થીઓ ડો. કે.સી. પટેલ, ડો. મિલીંદ પાઠક, ડો. અમર દેસાઈ, ડો. અનંત દેસાઈ, ડો. ચીખલીયા વિગેરેએ ડો. દેસાઈના વ્યકિતત્વ વિષે વાત કરી.

# સંલગ્ન કોલેજ

## એન.એસ.એસ.પ્રિ.આર.ડી.કેમ્પ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સૌજન્યથી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય તથા પ્રાદેશિક કચેરી, અમદાવાદના સંયુકત ઉપક્રમે તા. ૪ થી ૧૩ નવેમ્બર, ૨૦૦૮ દરમ્યાન યોજાયેલ વેસ્ટ ઝોન એન.એસ.એસ.પ્રિ.આર.ડી.પરેડ કેમ્પનો ઉદ્દ્ઘાટન સમારોહ આદરણીય કુલપતિશ્રી (પ્રો.) ડો. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો.

આ કેમ્પમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, રાજસ્થાન અને દાદરા નગર અને નગર હવેલી સિલ્વાસાના ૨૦૮ જેટલા એન.એસ.એસ. સ્વયંસેવકોએ ભાગ લીધો. આ કેમ્પમાંથી પસંદગી પામેલ સ્વયંસેવકો ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે આયોજીત પરેડમાં ભાગ લેશે.

ઉદ્દ્ઘાટન સમારોહમાં તાપી જીલ્લાના કલેકટરશ્રી સી.એમ. બલાતે તાપી જીલ્લાની વિશિષ્ટતાઓનો ખ્યાલ આપી સમાજ પ્રત્યે પોતાના ઉત્તરદાયિત્વને સમજે એ માટે યુવાનોને અનુરોધ કર્યો હતો. માંડવી સંસદીય મત વિસ્તારના સાંસદ ડો. તુષાર ચૌધરીએ આદિવાસી વિસ્તારની વિશિષ્ટતાઓનો ખ્યાલ આપી સમાજ અને રાષ્ટ્ર સેવા દ્વારા સબળ નેતૃત્વ કેવી રીતે કેળવી શકાય તેની સમજ આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ડો. મહેન્દ્રભાઈ શાહ તેમજ કુલસચિવ શ્રી જે. આર. મહેતા ઉપસ્થિત રહયા હતા.

સમારોહના ઉદ્દ્ઘાટક આદરણીય કુલપતિશ્રી (પ્રો.) ડો. બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે, 'વ્યારા કોલેજ અને યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત આવા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તે માટે સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન

પાઠવતાં કહ્યું કે યુવાનો નિઃસ્વાર્થ સેવાનો જીવનમંત્ર કેળવી શિક્ષણની સાથે સાથે સમાજ સેવાની પ્રવૃત્તિમાં સહભાગી બની સમાજને ઉમદા ઉદાહરણ પૂરું પાડવા યુવાનોને અપીલ કરી હતી.' ઉદ્‌ઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ એન.એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરતનાટયમ, વસાવા નૃત્ય, ડાંગી નૃત્ય, રાસ, ગરબા અને એકપાત્રિય અભિનય રજૂ કરવામાં આવ્યા હતા.

શૈક્ષણિક પરિસંવાદોમાં શ્રી હર્ષદભાઈ શાહ, ડી.ડી.ઓ. શ્રી સેવક, કલેકટરશ્રી બલાત અને રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી જયંતિ રવિએ મહિલા સશકિતકરણ અને યુવાનોમાં ગુજરાતની અસ્મિતા વિશેનો ખ્યાલ આપ્યો. શ્રી એસ.જી. દેસાઈ, રાજય જનસંપર્ક અધિકારી તેમજ સંયુકત શિક્ષણ નિયામકશ્રીએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો. યુનિવર્સિટીના એન.એસ.એસ. સલાહકાર સમિતિના સભ્યો, આચાર્યશ્રીઓ સર્વશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ, ડૉ. જે.એમ. નાયક, ડૉ. કે.એન. ચાવડા, ડૉ. વિનોદભાઈ પટેલ, ડૉ. જે.એસ. ચૌધરી, ડૉ. અશોકભાઈ, ડૉ. અશ્વિનભાઈ, ડૉ. જોષી, શ્રી ડી.એન. પટેલ વિગેરેએ મુલાકાત લીધી તેમજ શુભેચ્છાઓ પાઠવી.

દિલ્હીથી ડો. ગીરીશભાઈ તૂટેજા, એ.પી.એ., અને કમલરાય યુવા મંત્રાલય યુથ ઓફિસરો પરેડના સિલેકશન માટે પધારી પરેડ તેમજ સાંસ્કૃતિક કર્યાક્રમનું સિલેકશન કરવામાં મહત્વનો ફાળો આપ્યો. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રી, ઉપાચાર્યશ્રી, એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. એન.બી. પટેલ, પ્રોગ્રામ ઓફિસરો અને કોલેજ પરિવાર તથા ર.ફ. દાબુ કેળવણી મંડળે જહેમત ઉઠાવી હતી.

સમાપન પ્રસંગે કુલસચિવશ્રી જે.આર. મહેતાએ આયોજન અને વ્યવસ્થા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. અંતે એન.એસ.એસ. આસિસ્ટન્ટ પ્રોગ્રામ એડવાઈઝર શ્રી એચ. કે. શર્માએ આભારવિધિ કરી.

## સ્વર્ણિમ ગુજરાત

* સુરત શહેર અને અને જીલ્લાની કોલેજો માટે તા. ૧૬/૧૨/૨૦૦૮ ના રોજ સરસ્વતિ શૈક્ષણિક સંકુલ, અમરોલી-સુરત, ખાતે યોજાયેલ 'સ્વર્ણિમ ગુજરાત' સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી અશ્વિનભાઈ કાપડિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં સંલગ્ન કોલેજોના આચાર્યો સહિત ૧૮૦ વ્યાખ્યાતાઓએ ભાગ લીધો.

* 'સ્વર્ણિમ ગુજરાત' અંતર્ગત વલસાડ જીલ્લાના શિક્ષકોની સક્ષમતા અને સુસજ્જતામાં વધારો થાય તે માટે તા. ૨૮/૧૨/૨૦૦૮ ના રોજ રોફેલ આર્ટસ કોમર્સ કોલેજ, વાપી ખાતે Faculty Development Programme અંતર્ગત આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિએ Time and Stress Management for Teachers વિષય ઉપર વિદ્ધતાસભર વ્યાખ્યાન આપ્યું.

તદ્‌પરાંત વિસનગરના પ્રિ. એમ.આઈ. પટેલે, 'હકારાત્મક ચિંતન' અને શ્રી સવજીભાઈ દેસાઈએ 'સ્વર્ણિમ ગુજરાતની વિભાવના' અને હિંદુ ધર્મ આચાર્ય સભાના જનરલ સેક્રેટરી શ્રી સ્વામી પરમાત્મનંદ સરસ્વતીએ હકારાત્મક ચિંતન વિશે ઉદ્‌બોધન કર્યું.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**આપણી પ્રગતિના માર્ગદર્શકો : જીવનહેતુ અંગેનો સંવાદ**

લેખકો : અબુલ પાકીર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ અને અરૂણ કે. તિવારી. અનુવાદ : સુધા મહેતા. પ્રકાશક : અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૨૦૦૫. કિંમત રૂા. ૧૦૦-૦૦. પૃ. ૧૫૯

પ્રોફેસર અરૂણ તિવારી કે જેઓ બાયોમેડિકલ એન્જિનિયરિંગના પ્રોફેસર છે અને હાલમાં કેર ફાઉન્ડેશન હૈદરાબાદના ડાયરેકટર છે. ૧૯૮૭થી તેમણે સર્જનાત્મક વૈજ્ઞાનિક સાહિત્ય લખવાનું શરૂ કર્યુ અને તેમણે ઘણાં પુસ્તકો લખ્યા છે.

એ.પી.જે. અબ્દુલ કલામે તેમની સાથે રાષ્ટ્રપતિ ભવનમાં અને સહયાત્રાઓ દરમ્યાન વાતચીતો કરી છે. ઘણા પ્રસંગે આ બન્ને મહાનુભાવો રાષ્ટ્રપતિ ભવનમાં 'મુઘલ ગાર્ડનના 'ઈમમોર્ટલ હટ'માં બેસતા. અરૂણ તિવારીએ પૂછેલા પ્રશ્નોના જવાબ કલામ સાહેબ આપે છે અને તેમાં પૂરક જ્ઞાન પણ પ્રો તિવારી પીરસે છે. આ બન્ને મહાનુભાવોને રસ હોય તેવા વિષયો પર પ્રશ્નોત્તરી થાય. ભારતના રાષ્ટ્રપ્રમુખ તરીકે ડો. કલામ સાહેબે ભારત વર્ષમાં ઘણાં પર્યટનો કર્યા છે. જેનો નિચોડ આ પુસ્તકમાં છે. માનવજાતિ પૃથ્વી પર અસ્તિત્વમાં આવનાર છેલ્લી રચના છે. માનવને ભૂતકાળના જ્ઞાનથી જ્ઞાન મળે અને ભાવિ પેઢીઓ અજ્ઞાનના અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાય તેવો પ્રયાસ આ પુસ્તકમાં સમાયેલો છે. આ પુસ્તક એટલે એક વાર્તાલાપનું સ્વરૂપ. શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી કૃત''હિંદ સ્વરાજ' જેવું જ પ્રશ્નોત્તરી પ્રકારનું આ પુસ્તક છે.

આ પુસ્તક ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ વિભાગ આંતરિક અનુભવ સાથે સંકળાયેલો છે. જેમાં વિચારો, કલ્પના, ભાવના, લાગણી, સંવેદના, સૂઝસમજ, આંતરદ્રષ્ટિ અને જ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. બીજા વિભાગમાં કેટલાક મહાન આત્માઓના સત્વનું નિરૂપણ છે, જેમણે જુદા જુદા સમયે ઘણી જ સ્વાર્થવિહીનતા સાથે માનવજાતિને પ્રગતિના પંથે આગળ ધપવા મોકળાશ કરી આપી. કલામ સાહેબના સમકાલીન તેજસ્વી વ્યકિતઓનો પણ મહાન આત્માઓની સૂચિમાં સમાવેશ કર્યો છે. ત્રીજા અને છેલ્લા વિભાગમાં આત્માની યાત્રા અને અનંત સત્વના વિવિધ પ્રાગટયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખકોએ સંવાદ દ્વારા અજ્ઞાનને હટાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

કલામ સાહેબના જીવનમાં તેમની માતાનું સ્થાન, બાળપણના પ્રસંગો, સમ્રાટ અશોક, સંત થિરૂવલ્લુવર, આર્યભટ્ટ, ગુરૂ નાનક દેવ, થોમસ આલ્વા એડિસન, અબ્રાહમ લિંકન, ગાંધીજી, શ્રીનિવાસ રામાનુજમ, જમશેદજી ટાટા, સ્વામી વિવેકાનંદ, જી. વેંકટરામન, એમ.એસ. સુબ્બુલક્ષ્મી, નેલ્સન માંડેલા, રોડામ નરસિંહ, ૧૯૯૯માં 'ઈન્દિરા ગાંધી એવોર્ડ ફોર નેશનલ ઈન્ટિગ્રેશન' એવોર્ડ મેળવનાર પ્રો. સતીશ ધવન, વિક્રમ સારાભાઈ, ડો. વી. કુરિયન, ડો. ડી.એસ. કોઠારી, ડો. ભાભા, પ્રો. કાકર્લા સુબ્બારાવ જેવા અનેકવિધ પ્રગતિના માર્ગદર્શકો વિષે ન જાણેલી બાબતોની જાણકારીની લેખકોએ રસપ્રદ ચર્ચા કરી છે.

એમ.એસ. સુબ્બુલક્ષ્મી વિષે લેખક દર્શાવે છેકે, ''સુબ્બુલક્ષ્મી એક પ્રેરક આદર્શ છે અને માત્ર કલાત્મક કે સાંસ્કૃતિક શ્રેષ્ઠતા માટે નહિં, પરંતુ તેમના ચારિત્ર્યના નીતિ સિધ્ધાંતો પોતાના વર્તનવ્યવહારમાં રાખવા, આદિ.'' (પૃ.૮૧)

આવા જ એક મહાન આત્મા સી.વી. રામન વિષે કલામ સાહેબ

કહે છે કે ''મહાન આત્માઓ ખરેખર પ્રભુના આશિષ લઈને જ આવતા હોય છે. યુવાન વિદ્યાર્થીઓને હું હંમેશા સર સી.વી. રામનની આ વાત અવશ્ય કરું છું : ફિઝિકસનો એક વિદ્યાર્થી એક કિલોવોટની એકસ-રે નળી પર સંશોધન અભ્યાસ કરી રહયો હતો. જયારે તેણે સાંભળ્યું કે ઈંગ્લેન્ડના એક વૈજ્ઞાનિક પણ આ જ વિષય પર સંશોધન કરી રહયા છે, ત્યારે તે નાસીપાસ થઈ ગયો. જયારે પ્રોફેસર રામને આ વાત જાણી, ત્યારે તેઓ પેલા વિદ્યાર્થી પાસે ગયા અને એક સ્મિત સાથે તેને કહેવા લાગ્યા, ''આને માટે એક સાદો ઉપાય છે. આ પ્રશ્ને ૧૦ કિલોવોટનું મગજ દોડાવવું. '' (પૃ.૭૮) મહાન આત્માઓના આવા તો કેટકેટલાય અદભૂત પ્રસંગો આ પુસ્તકમાં સંગ્રહાયેલા જોવા મળે છે. જેના દ્વારા આપણે પણ માનવજાતિ અને સ્વ વિષે કંઈક પણ ઉત્તમ કરવાના અભરખા જાગે છે. એસિસના સંત ફ્રાન્સિસની પ્રાર્થનાનો એક અંશ કલામ સાહેબે આ પુસ્તકના પૃ.૩૪ ઉપર દર્શાવ્યો છે જે આજની આતંકવાદી પ્રવૃત્તિઓ ડામવા માટે ઉપયોગી છે :

'હે પ્રભુ ! શાંતિનું મને, તમારું ઓજાર બનાવો,
ધિકકાર હોય જયાં મને, ત્યાં ત્યાં પ્રેમ વાવવા દો.'

''ડો. કલામ દર્શાવે છે કે પ્રગતિના માર્ગદર્શક બની શકે તેવા આત્માઓ ખરેખર સૌથી વધુ ભાગ્યશાળી છે. તેમણે જે સિધ્ધ કરવાનું છે તે કામ તેમનું પણ સૌથી વધુ પ્રિય કામ છે. તેઓ એ બાબતે દઢ રીતે માને છે કે તેઓ સારું કામ કરી રહયા છે અને તેઓનું એ કામ સમયની કસોટીમાં સફળ નીવડશે. તેમના જીવનકાળ દરમ્યાન તેઓની વિલક્ષણ પ્રતિભાની ઓળખ અથવા કદર આ જગત કરે કે કરી ન શકે, તો પણ તેમને એ વાતનો સંતોષ અવશ્ય રહે છે કે પોતાનું કામ તેમણે ખૂબ સારી રીતે પાર પાડયું છે.'' (પૃ.૧૦૦) આ પુસ્તક વિષે ડો. કલામ દર્શાવે છે કે ''આમ પણ આપણે ભલા કોણ છીએ ? આપણું સત્વ માત્ર ખીલી રહયું છે. જે શબ્દોની આપણે અત્યારે આપ-લે કરી રહયા છીએ તેની તમે નોંધ કરીને કાલે લાવશો, પછી પ્રકાશક તેનું પુસ્તક પ્રગટ કરશે. કોઈક વળી કયાંક તેને વાંચશે. પુસ્તકમાં લખેલી કોઈ વાત કદાચ કોઈ વાચકને સ્પર્શી જશે અને કદાચ તેની સ્થિતિમાં, આસપાસની પરિસ્થિતિ કે સંયોગોમાં પરિવર્તન આવશે એ બધામાં વળી તમે કયાં ? અને હું પણ કયાં ? '' (પૃ.૧૩૯) ડો. એ.પી.જે. અબ્દુલ કલામ અને તેમના મિત્ર તથા ' વિંગ્સ ઓફ ફાયર ' (અગનપંખ)ના સહલેખક પ્રો. અરૂણ તિવારી વચ્ચે એક સંવાદના સ્વરૂપે રજૂ થતું આ પુસ્તક આપણને આધ્યાત્મિક દ્રષ્ટિ આપે છે. યૌવનમાં સમાયેલી સર્જનશકિતને ઉદ્દેશીને આ પુસ્તક વૈશ્વિકીકરણના વિચાર અને જગતને એક સંઘર્ષમય ક્ષેત્ર તરીકે જોવાની હતાશાભરી દ્રષ્ટિને નકારે છે. જીવનના અંતિમ હેતુ ધ્યેય તરીકે પૃથ્વીની ઉત્ક્રાંતિમાં મદદરૂપ થવા માટે આપણને આ પુસ્તક સમજાવે છે. માનવપ્રવૃત્તિ અને ઈતિહાસના વિશાળ ફલક પર આ પુસ્તકના લેખકો નજર નાખે છે જેનો આસ્વાદ આપણને આ પુસ્તકમાં પ્રાપ્ત થાય છે. એકી બેઠકે પૂર્ણ કરવાનું મન થાય તેવું આ પુસ્તકનું સૌકોઈએ વાચન-મનન કરવું રહયું.

બાબુલાલ અંકુયા

## પુસ્તકોની હૂંફ

મારી દીકરી ગમે ત્યાં પ્રવાસે જવા નીકળે, કે પછી ગામમાં ને ગામમાં જ તેની માસીની છોકરીને ત્યાં જતી હોય, તે ઘરમાંથી નીકળતાં નીકળતાં લાગલું જ એક પુસ્તક સાથે લઈ લે છે. એની આ આદત જોઈને મારી છાતી ઊભરાય છે. યેસ્સ... આ મારી જ આદત !

આમ તો પુસ્તક વાંચવું મુશ્કેલ બાબત છે. એનાથી વાંચનારની આંખને અન્યાય થાય છે, અને તે જ પ્રમાણે બારીમાંથી દેખાતા નોખા-નિરાળા પ્રદેશને પણ અન્યાય થાય છે. મારી છોકરી માસીને ત્યાં જાય એટલે ત્યાં એની મશિયાઈ બહેન સાથે ગપસપ ને ટોળપ્પાં કરવાની એ તો જાણે નકકી હોય છે એ ત્યાં પુસ્તક વાંચવાની નથી એ પણ નકકી હોય છે. આ પણ મારા જેવું જ. હું પણ પુસ્તક સાથે લઉં એનો અર્થ એ વાંચું એવો નથી હોતો. એ સાથે લેતી વખતે, મારાથી એ વાંચવાનું નથી એનો મને પૂરો અંદાજ હોય છે. તોય હું પુસ્તક સાથે લઉં છું, કેમ ? પુસ્તક સાથે છે, એ લાગણી જ મનને દિલાસો આપનારી હોય છે. પુસ્તક વંચાય કે ન વંચાય, પણ વખત આવ્યે એ આપણી પાસે છે એ વાત મહત્ત્વની હોય છે. પૈસાના પાકીટ જેવી આ વાત છે. આપણે બહાર જઈએ ને પાકીટ ભૂલી ગયા છીએ એવું યાદ આવે એટલે એકદમ બગવાઈ જવાય છે. દુકાનમાંની કેટલીય ચીજો ઈશારા કરતી હોય છે. એકાએક ખરીદી કરવાની સખત ઈચ્છા થાય છે. પણ શું કરીએ ? પાકીટ જ હોતું નથી ! હૉટેલ દેખીને ભૂખ લાગી હોય એવું લાગવા માંડે છે. અંદર જઈને મસાલા ઢોંસા ઝાપટવાનું મન થાય છે. પણ અરેરે ! ખિસ્સામાં પાકીટ નથી હોતું ! ખિસ્સામાં પાકીટ ન હોવાની લાગણી જ મનને અસલામત બનાવે છે. પણ પાકીટ હોય એટલે આવું કશું થતું નથી. એ 'ખિસ્સામાં છે' એ ખ્યાલથી જ માણસને ટેકો ને હૂંફ રહે છે. આખા દિવસમાં પાકીટ ખોલવાનો વખત પણ આવતો નથી. પણ 'પાકીટ છે ' એ લાગણી જ મનને સલામતી આપી રહે છે. પુસ્તકની બાબતમાં પણ આવું જ થતું હોવું જોઈએ. એ આપણી સાથે છે એવી હકીકતથી જ આપણે એક સુશિક્ષિત, સંસ્કારી દુનિયાના નાગરિક છીએ, એવી હૂંફાળી લાગણી મનમાં જાણતાં-અજાણતાં ઊભી થતી હોવી જોઈએ. ગમે તેવી કંટાળાજનક કે અકળાવનારી પરિસ્થિતિ ઊભી થાય તોપણ પુસ્તકોનો સંગાથ છે જ, આવો દિલાસો પુસ્તક સાથે હોય એટલે હંમેશા થતો રહે છે.

બ્રિટિશ લાઈબ્રેરી મારી ખૂબ મનગમતી લાઈબ્રેરી છે. ત્યાં જાઉં એટલે વિવિધ વિષયો પરનાં પુસ્તકો જોઈને આંખ ફાંગી થઈ જાય છે. કેટલાંક વર્ષો પહેલાં 'હજુ આપણે કેટલાં બધાં પુસ્તકો વાંચવાના છે' એ વિચારમાત્રથી છાતી બેસી જતી ! હવે એમ થાય છે કે આખો જન્મારો આપણે માત્ર પુસ્તકો જ વાંચ્યા કરીએ (એમ કરવું શકય પણ હોતું નથી) તોય આમાંથી કેટલાં બધાં પુસ્તકો વાંચવાનાં રહી જ જાય, અને એનો કોઈ ઉપાય નથી. તોય બ્રિટિશ લાયબ્રેરીનાં કેટલાય વિષયો પરનાં પુસ્તકો ઈશારો કરીને બોલાવતાં રહે છે અને હું એમને ઉમંગથી ઘરે લઈ આવું છું. કયારેક એમ થાય છે, 'એક વાર તો આખો શેકસપિયર વાંચી નાખીએ.' એના માટે થોડીક વાચનશિસ્ત કેળવીએ એટલે બસ ! એ ઉપાડે એકાદ નાટક ઝડપભેર વંચાઈયે જાય છે. પણ પછી ઉત્સાહ ઓસરી જાય છે.

'એનોટેટેડ ડિકન્સ' નામે પાંચ પાંચ નવલકથાઓના બે મસમોટા ખંડ છે. એ હું કેટલી વાર ઘરે લઈને આવ્યો હોઈશ, એની કોઈ ગણતરી જ નથી. એ ઘરે લાવું; કામ કે બીજાં રોકાણોને લીધે, કે પછી આંખ સામે ટેલિવિઝનનું અખંડ અગ્નિહોત્ર ચાલતું હોવાને કારણે એ પુસ્તકો વંચાય તો નહીં જ. પછી એ વાંચ્યા વિના જ થોડાં પાનાં ફેરવીને પાછાં આપી દેવાનાં. આવું કેટલી વાર બન્યું છે એ કહેવું મુશ્કેલ છે. છતાં હું ખંતપૂર્વક એ પુસ્તકો લાવું છું, ખંતથી રિન્યુ કરાવું છું. આવું ત્રણ વખત થાય એટલે એ પુસ્તકો વંચાઈ જ જશે. લાઈબ્રેરીમાં પુસ્તકો મોડાં પાછાં આપતાં દંડેય ઘણો ભરવો પડે છે. પણ તેના બદલામાં પુસ્તકો થોડા વધુ સમય માટે સાથે રાખવાનો સંતોષ મેળવી શકાય છે. પુસ્તકો પાછાં આપતી વખતે, એમનો જે સહવાસ થયો તેનાથી જ 'આપણે તે 'વાંચ્યાં' એવું લાગતું રહે છે.

પુસ્તકો માત્ર સાથે રાખવાથી જો આવો 'સાત્ત્વિક' સંતોષ મળતો હોય, તો એ ખરેખર વાંચીએ ત્યારે કેટલો બધો સંતોષ મળતો હશે !
મુકુંદ ટાકસાળે (અનુ. સંજય શ્રી. ભાવે) (સાભાર : અરધી સદીની વાચનયાત્રા : ૩, સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પા. નં. ૩૨૩-૩૨૪)

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કોલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિધ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકી નોંધ કાગળની એક જ બાજુએ ટાઈપ કરેલ (શકય હોય તો ફોટો સહિત) 'દક્ષિણાયન' માં પ્રસિધ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.


બી.જે. અંકુયા
કાર્યકારી ગ્રંથપાલ
યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલય
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના-મગદલ્લા રોડ
સુરત-૩૯૫૦૦૭

## શબ્દ

**દક્ષિણાયન** ૧. [સં. દક્ષિણા (એક દિશા) + અયન (જવું તે)] ન. કર્કસંક્રાંતિથી મકરસંક્રાંતિ સુધીનો સમય; સૂર્યની દક્ષિણ તરફની ગતિનો છ માસિક સમય. ૨. ન. (જયોતિષ) કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક અને ધન રાશિઓમાં થઈને સૂર્યનું પસાર થવું તે; સૂર્યનું દક્ષિણ દિશામાં ગમન, દક્ષિણાયન એટલે દેવોની રાત્રિ અને અસુરોનો દિવસ. લાંબામાં લાંબો દિવસ દક્ષિણાયનના આરંભનો છે. દક્ષિણાયનના છ માસમાં યોગી પુરૂષ મરણ પામે તો ચંદ્રના તેજમાં એટલે ચંદ્રલોક સુધી જઈને પુણ્યાંશ પૂરો થતાં પાછો પૃથ્વી ઉપર આવે એમ મનાય છે. (સાભારઃ ભગવદ્ગોમંડલ. પૃ. ૪૨૯૧)

**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते**

**VNSGU**
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**




**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
**Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in**

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com